સુમુલ
શુદ્ધતાની પરંપરા

# સુમુલ સેતુ

Amul
The Taste of India

www.sumul.com | Sumuldairy | @SumulRoot | SumulDairy

અંક – ૬૯ સપ્ટેમ્બર – ૨૦૨૬

# અભિનંદન

## સુમુલ ડેરીના નવનિયુક્ત નિયામક મંડળને સુમુલ ડેરી પરિવાર તરફથી હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

| ક્રમ નંબર | નામ | પ્રતિનિધિ તરીકે |
|---|---|---|
| ૧ | શ્રી રાજેશકુમાર કાંતિલાલ પાઠક | મોસાલી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો માંગરોળ, જિલ્લો સુરત |
| ૨ | શ્રી સંદિપભાઈ જયંતીલાલ દેસાઈ | કનકપુર–કનસાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો ચોર્યાસી, જિલ્લો સુરત |
| ૩ | શ્રી ભરતસિંહ ગુમાનસિંહ સોલંકી | ખરભાસી–ડાંભા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો પલસાણા, જિલ્લો સુરત |
| ૪ | શ્રી સંજયભાઈ બબનભાઈ સૂર્યવંશી | પાટી ગાડિદ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો કુકરમુંડા, જિલ્લો તાપી |
| ૫ | શ્રી રેસાભાઈ વસાભાઈ ચૌધરી | સઠવાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો માંડવી, જિલ્લો સુરત |
| ૬ | શ્રી બળવંતભાઈ મોરારભાઈ પટેલ | ચોર્યાસી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો કામરેજ, જિલ્લો સુરત |
| ૭ | શ્રી શૈલેષભાઈ વિરસિંગભાઈ પટેલ | બહેડા રાયપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો ડોલવણ, જિલ્લો તાપી |
| ૮ | શ્રી કાંતિભાઈ રેશમાભાઈ ગામીત | ડોસવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો સોનગઢ, જિલ્લો તાપી |
| ૯ | શ્રી અજીતભાઈ જગુભાઈ પટેલ | બામણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો બારડોલી, જિલ્લો સુરત |
| ૧૦ | શ્રી યોગેશભાઈ ચુનીલાલભાઈ રાજપૂત | દેવાળા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો નિઝર, જિલ્લો તાપી |
| ૧૧ | શ્રી ધનસુખભાઈ નાથુભાઈ પટેલ | બરબોધન દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો ઓલપાડ, જિલ્લો સુરત |
| ૧૨ | શ્રી હસમુખભાઈ ગોવિંદભાઈ ગામીત | ચીખલવાવ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો વ્યારા, જિલ્લો તાપી |
| ૧૩ | શ્રી અમીષકુમાર મણીલાલ વસાવા | કેવડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો ઉમરપાડા, જિલ્લો સુરત |
| ૧૪ | શ્રી ધનંજયભાઈ ડાહ્યાભાઈ પટેલ | કોષ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો મહુવા, જિલ્લો સુરત |
| ૧૫ | શ્રી રાજકુમાર ઈશ્વરભાઈ આહીર | કોંકણવાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. તાલુકો વાલોડ, જિલ્લો તાપી |
| ૧૬ | શ્રી જાલમસિંગ નથીયાભાઈ વસાવા | ગવાણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ., તાલુકો ઉચ્છલ, જિલ્લો તાપી |




# एक पेड मां के नाम

## ઉમરપાડાના નસારપુર સ્થિત સૈનિક સ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

### સુમુલ ડેરી, GCMMF અને સહકાર મંત્રાલયના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ પહેલ

**સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (સુમુલ ડેરી)** દ્વારા ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિ. **(GCMMF)** તથા સહકાર મંત્રાલય, ભારત સરકારના માર્ગદર્શન અને સહકારથી પર્યાવરણ સંરક્ષણ તથા હરિયાળી વધારવાના સંકલ્પ સાથે વિવિધ વૃક્ષારોપણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત તા. ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ઉમરપાડા તાલુકાના નસારપુર ગામ ખાતે આવેલી સૈનિક સ્કૂલમાં “એક પેડ મા કે નામ” અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સુમુલ ડેરીના કર્મચારીઓ, શાળાના વિદ્યાર્થીઓ તથા ઉમરપાડા તાલુકાની વિવિધ દૂધ મંડળીઓના હોદ્દેદારો દ્વારા સરગવા, ગરમાળા સહિત વિવિધ પ્રજાતિના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ગ્લોબલ વોર્મિંગની સમસ્યા, પર્યાવરણનું સંતુલન તથા માનવજીવનમાં વૃક્ષોના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વૃક્ષારોપણની સાથે વાવેતર કરાયેલા વૃક્ષોના નિયમિત જતન અને સંવર્ધન માટે પણ સૌને પ્રેરિત કરવામાં આવ્યા હતા. દર વર્ષે ૧૦ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર સુમુલ ડેરી દ્વારા પર્યાવરણ સંરક્ષણને સહકારી વિકાસનો અભિન્ન ભાગ બનાવીને દર વર્ષે ૧૦ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે. દૂધ મંડળીઓ, ગ્રામ્ય વિસ્તારો તથા વિવિધ સ્થળોએ મોટા પાયે વૃક્ષારોપણ કરીને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ અને હરિયાળી વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સુમુલ ડેરીના આ સતત અને વ્યાપક વૃક્ષારોપણ અભિયાનને **GCMMF** સ્તરે પણ નોંધપાત્ર માન્યતા મળી છે. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન **(GCMMF)** સાથે સંકળાયેલા તમામ દૂધ સંઘોમાં વૃક્ષારોપણની કામગીરીમાં સુમુલ ડેરીએ દ્વિતીય ક્રમ **(Second Rank)** પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિ સુમુલ ડેરીની પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક જવાબદારી પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. સુમુલ ડેરી દ્વારા “એક પેડ મા કે નામ” અભિયાનને વધુ વ્યાપક બનાવીને વૃક્ષારોપણ સાથે વૃક્ષોના જતન અને સંવર્ધન પર પણ વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ પહેલનો ઉદ્દેશ માત્ર વધુ વૃક્ષો વાવવાનો નહીં, પરંતુ આવનારી પેઢી માટે હરિયાળું, સ્વચ્છ અને ટકાઉ પર્યાવરણનું નિર્માણ કરવાનો છે.

આ પ્રસંગે ઉમરપાડા તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી સપનાબેન, જિલ્લા પંચાયતના સભ્ય, સિંચાઈ સમિતિના અધ્યક્ષ શ્રીમતી સુનિતાબેન, તાલુકા પંચાયતના સભ્ય શ્રી મનિષભાઈ તેમજ ઉમરપાડા તાલુકાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અને સુમુલ ડેરીના નવનિયુક્ત બોર્ડ ઓફ ડિરેક્ટર શ્રી અમીષભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઉમરપાડા તાલુકાની વિવિધ દૂધ મંડળીઓના પ્રમુખો-મંત્રીઓ, કમિટી સભ્યો, સૈનિક સ્કૂલના આચાર્યશ્રી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ તથા સુમુલ ડેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કર્યું હતું.

**" એક પેડ મા કે નામ "** માતાના સ્નેહ અને સન્માનની ભાવનાને એક વૃક્ષ સાથે જોડીને, આવનારી પેઢીઓ માટે હરિયાળું અને સ્વસ્થ પર્યાવરણનું નિર્માણ કરવાનો સંકલ્પ.









## GCMMF(અમૂલ)ના સહયોગથી સુમુલ ડેરીની મિયાવાકી પદ્ધતિથી વૃક્ષારોપણની પહેલ

પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાની દિશામાં **GCMMF (અમૂલ)**ના સહયોગથી સુમુલ ડેરી દ્વારા વિવિધ નવીન પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત મિયાવાકી વૃક્ષારોપણ પદ્ધતિ નો ઉપયોગ કરીને ઓછા વિસ્તારમાં વધુ ગીચ અને વૈવિધ્યસભર વનસ્પતિ વિકસાવવાનો ડેમો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. મિયાવાકી પદ્ધતિ જાપાનના વનસ્પતિશાસ્ત્રી અને વન નિષ્ણાત ડૉ. અકીરા મિયાવાકી દ્વારા વિકસાવવામાં આવેલી વનીકરણ પદ્ધતિ છે. આ પદ્ધતિમાં સ્થાનિક અને દેશી પ્રજાતિના વૃક્ષો તથા છોડને નજીકના અંતરે વાવવામાં આવે છે. વાવેતર પહેલાં જમીનમાં જરૂરી કાર્બનિક દ્રવ્ય અને પોષક તત્વો ઉમેરી જમીનને તૈયાર કરવામાં આવે છે. આથી છોડના ઝડપી વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઊભું થાય છે અને થોડા વર્ષોમાં ગીચ હરિયાળો વિસ્તાર વિકસાવવામાં મદદ મળે છે.**GCMMF (અમૂલ)**ના સહયોગથી સુમુલ ડેરી દ્વારા ઉમરવાવ દૂર દૂધ મંડળી, તાલુકો ડોલવણ ખાતે મિયાવાકી પદ્ધતિ આધારિત ડેમો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે આશરે 400 ચોરસ મીટર જમીન નો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં વિવિધ દેશી પ્રજાતિના કુલ 1,600 રોપાઓ નું વાવેતર કરવામાં આવ્યું છે. મિયાવાકી પદ્ધતિ મુજબ જમીનની ગુણવત્તા સુધારવા અને છોડના વિકાસ માટે મોટા પ્રમાણમાં કાર્બનિક સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રોજેક્ટમાં આશરે 3,000 કિલોગ્રામ છાણિયું ખાતર, 2,500 કિલોગ્રામ કોકોપીટ તથા 1,200 કિલોગ્રામ ડાંગરનું ભૂસું ઉપયોગમાં લેવામાં આવ્યું છે. આ સામગ્રી જમીનમાં કાર્બનિક દ્રવ્ય ઉમેરવા, ભેજ જાળવવા તથા છોડના મૂળના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવામાં મદદરૂપ થાય છે.

આ પ્રોજેક્ટમાં 400 ચોરસ મીટર વિસ્તારમાં 1,600 રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હોવાથી આશરે 4 રોપા પ્રતિ ચોરસ મીટર ની ગીચતા પ્રાપ્ત થાય છે. મિયાવાકી પદ્ધતિની મુખ્ય વિશેષતા એ છે કે ઓછા વિસ્તારમાં વિવિધ દેશી પ્રજાતિઓનું ગીચ વાવેતર કરવામાં આવે છે, જેના પરિણામે જમીનનો મહત્તમ ઉપયોગ કરીને ટૂંકા ગાળામાં નોંધપાત્ર હરિયાળી વિકસાવી શકાય છે. આ પ્રકારના વનવિસ્તારમાં વિવિધ પ્રજાતિના છોડ સાથે વિકસતા હોવાથી જૈવક વિવિધતાને પ્રોત્સાહન મળે છે, જમીનમાં કાર્બનિક દ્રવ્યનું પ્રમાણ વધે છે અને સ્થાનિક પર્યાવરણ માટે અનુકૂળ સૂક્ષ્મ વાતાવરણ ઊભું થવામાં મદદ મળે છે.

**GCMMF (અમૂલ)**ના સહયોગથી હાથ ધરાયેલો આ મિયાવાકી ડેમો પ્રોજેક્ટ સુમુલ ડેરીના પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ ઉમેરો છે. ભવિષ્યમાં દૂધ મંડળીઓ, ગ્રામ્ય વિસ્તારો તથા અન્ય યોગ્ય સ્થળોએ આ પદ્ધતિનો ઉપયોગ કરીને ઓછી જમીનમાં વધુ હરિયાળી વિકસાવવા માટે આ પ્રોજેક્ટ પ્રેરણારૂપ બની શકે છે





સુમુલ
શુધ્ધતાની પરંપરા

A Gentle Reminder
to Stay Fit






સુમુલ




**સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
પોસ્ટ બોક્સ નં. ૫૦૧, સુમુલ ડેરી, સુરત-૩૯૫ ૦૦૮ (ગુજરાત)
ફોન : ૦૨૬૧ ૨૫૩૭૬૯૩ / ૬૭૧૦૨૦૦
E-mail:root@sumul.coop | Web: sumul.com